ઉતરી ગજ[4] રથ ઘોડે પરસે પરે ચરન તબહી. દેખી.
બડા એક ગજ આગે આના,
બેઠો પ્રભુ ઇસ ગજપર યું કહે નારૂપંથ નાના. દેખી.
ચડે તેહી ગજપર બહુ નામી,
દુસરે ગજપર બેઠે શુક મુનિ મુક્તાનંદ સ્વામી. દેખી.
તિસરે ગજપર દોઉ ભાઇ,
પાંડે શ્રી રઘુબીર અવધપ્રસાદજી સુખદાઇ. દેખી.
ઓર મુનિ અગનિત સંગ આવે,
પ્રેમામંદ કહે રથપર કેતે કેતે પગ ધ્યાવે. દેખી.

પદ ૩ જું.

ચલે ગજ બેઠી મહારાજા,
બોલત જે જે ચોપનદાર બાજતહે બહુ બાજા. ચલે.
ચુંવર[5] શિર નાના સાહબ ઢોરે,
મંદ મંદ ગજ ચલત સંતકી ભીર ચહુ કોરે. ચલે.
છબી અતિ અદ્ભુત બીરાજે,

---

૨ હાતિ=હાથી. ૩ નૃપતિ=રાજા. (ગાયકવાડ).
૪ ગજ=હાથી. ૫ ચુંવર=ચમર.

કંચનકે બીચ કલશ અંબાડી કંચનકી છાજે. ચલે.
ચલતહે ઘોડે ગજ આગે,
પીછે પાલખી પેદળ રથ છબી બહુતનકી લાગે. ચલે.
રૂપ ઘનશ્યામકો અતિ સોહે,
પ્રેમાનંદકે નિરખી કોટિક મનમથ[૬] મન મોહે. ચલે.

પદ ૪ સું.

બજતહે બાજે બહુ આગે,
પણુવ દુંદભી ગોમુખ ઘોંસા બહુ તનકી લાગે. બજત.
સનાઇ પડગમ ડફ ભેરી,
સુનિ તાસેંકી સોર દોરીજન આગે સબ શહેરી. બજત.
ઉડતહે નિશાન પચરંગી,
દોરત ઘોરે ધૂમત નેજા બાજત રણુશીંગી. બજત.
બજાવે ઝાંઝ મૃદંગ ગાવે,
પ્રેમાનંદ છબી નિરખી આનંદ અંગ નહીં માવે. બજત.

પદ ૫ સું.

કીયો જબ પ્રવેશ પુર માંઇ;
ખબર સુનિ પુરવાસી ભાવિક ધાયે હરખાઈ. કીયો.
ઠાડે સબ સનમુખ કરજોરી,
થકિત ભયે લખી રૂપ ભૂપ[૧] હરિ ધર્મ કુંવર કોરી. કીયો.
ભલે તુમ આયે બહુ નામી,
બહુત દિનકે પ્યાસે લોચન સુફળ કીયે સ્વામી. કીયો.
કહત યું પુરજન[૩] મન હરખી,

---

૬ મનમથ=કામદેવ. ૧ ભૂપ=રાજા. ૨ પ્યાસે=તરસ્યા.
૩ પુરજન=ગામના માણસ.

પ્રેમાનંદકે નાથ પધાર્યે જાની અંતરકી. ફીયો.

પદ ૬ ઠું.

ચલી જાય આગે અસ્વારી,
હરિમુખ નિરખન રાજ મારગમેં ભીર[૪] ભઈ ભારી. ચલી.
અટારી ચડી સબ પુર નારી,
નિરખે શ્રી મહારાજ બદન છબી લેતિહે બલિહારી. ચલી.
મુદિત[૫] મન કુસુમ[૬] કળી બરખે,
ભગો સુફળ અવતાર આજ યું બોલતિ મન હરખે. ચલી.
નિગમ કહે નેતિ નેતિ જાંઇ,
પ્રેમાનંદકે નાથ સો આયે વટપતન માંઇ. ચલી.

પદ ૭ મું.

લીહો ભરી લોચન ઉર લાઉ;
હોઈહે દુર્લભ દરશન કરિહો ફરિ મન પસતાઉ. લીહો.
પુરૂષ યહ પુરાન અવતારી;
ધર બેઠે ચલે આયે મુરત લેહો ઉરધારી. લીહો.
શ્રષ્ટીકો કારન હે એહી;
અનંત જીવ ઓધાર કાજ ધરી સુંદર નર દેહી. લીહો.
એસી સબ શુધ ભાવ વારી,
પ્રેમાનંદ મહારાજકો મહિમા ગાવત પુર નારી. લીહો.

પદ ૮ મું.

ચલત હરી ચિતવત ચહુ ઓરે;

---

૪ ભીર=ભીડ. ૫ મુદિત=આનંદવાળું ૬ કુસુમ=ફુલ.

ઝુક રઈ સુંદર ભુવન[1] અટાકી ઘટા ચહુ કોરે. ચલત૦
ભામિની[2] ઠાડી[3] સબ હોરે;
કરિ પ્રનામ કરિ કુસુમ માલ લેઇ ડારતિ હે હોરે. ચલત૦
હસિ મુખ મંદ મંદ સ્વામિ;
આનંદ ઉપજાવત હે ઊંચે ચિતવિ બહુનામી. ચલત૦
ચલત જબ નૃપ દ્વારે આયે;
પ્રેમાનંદ કહે નિરખી ભૂપતિ સનમુખ ઉઠ ધાયે. ચલત૦

गुजराती भाषानां कितनो.

પદ રાગ ધોળ.

મહારાજ આજ વરતાલથી આવશે,
સંગે લાવશે સંત સમાજ; મોહનવર પધારશે. ૧
જયાં કહે લલિતાને વાતડી,
આવ્યો કાગળ દિવસ વિત્યા સાત; વાંચી ઠરી છાતડી. ૨
અક્ષર કાગળમાં ઉત્તમ ભૂપના,
કાગળ અવધિ પૂરી થઈ આજ; દર્શન સૂખ રૂપના. ૩
સાત દિવસે મહારાજ સંત આવશે,
લિખ્યા વરતાલથી સમાચાર; જરૂર પધારશે. ૪
આવી માણકી દાદાના દરબારમાં,
નિરખ્યા સહેજાનંદ ભગવાન; સોભે અસવારમાં. ૫
પ્રેમાનંદ કે' ગઢપૂરવાસી આવિયા,
લાવ્યા ભેટ સામગ્રી હાર; વાલાને પેરાવિયા. ૬

પદ ૧ લું.

ઉતર્યા માણુકિથી અલબેલડો,
ધર્મ કુંવર ડોલરિયો દિવાન, શોભે રંગ રેલડો. ૧
રૂડો ઓરડો વાસુદેવ દેવનો,
લાવો બિછાવણાં રંગ રેલ, તાલ રાખો ટેવનો. ૨
શોભે ઓસરી ઉત્તરા દરબારની,
બેઠા ગાદી તકિયે રંગ રેલ, શોભા કહું ત્યારની. ૩
લિંબ તરૂ તળે સભા સંતની,
ચોપાસે લાખુ હરિભક્ત, શોભા છે અત્યંતની. ૪
શોભે દિર્ગ સભા કોઈ ભાતની,
બોલ્યા સંત પ્રત્યે ધર્મલાલ, રસોઈ કરો ખાંતની. ૫
પ્રેમાનંદ કે' ઉત્તમ ભૂપ આવિયા,
થયો થાળ જમવાનો મહારાજ, ખબર પેહેલી લાવિયા. ૬

પદ ૨ જું.

વાલે શિખ દીધી સભા સાથને,
ઉઠયા નહાવા નારાયણ નાથ, મળ્યા ભરી બાથને. ૧
નાવા બેઠા ડોલરિયો દરબારમાં,
નહાતાં નિરખે છે નરનાર, તે ન રહે મનુ હારમાં. ૨
વર્ણિ મુકુંદ નવરાવે પ્રીતશું,
ચોળે અત્તર કરી કરી પ્યાર, વાલાને રસ રીતશું. ૩
નાહી પેહેર્યું પિતાંબર જોયું આંખડી,
ચાલ્યા જમવા સહેજાનંદ શામ, પેહેરી ચરણે ચાંખડી. ૪
બેઠા જમવા ઓરડે અલબેલડો, ૫

છત્રીશ વિંજન ધર્યાં આગળ થાળ, જમે રંગ રેલડો. ૫
પ્રેમાનંદ કે' બરફીને કંસાર છે,
હરિસો હલવો મોતુ સુંદર દળ, ભોજન સરસ સારછે. ૬

પદ ૩ જું

સાટા પેડા પતાસાંને ચુરમાં,
ગાંઠીયા ફુલવડી ઘેબર, ભજીયાં વડાં ખુરમા. ૧
રૂડાં શાક વંત્રાક વાલોળ વાલને,
પરવલ કારેલાં કંટાલાં શાક, જમાડ્યા ધર્મ લાલને. ૨
ટાંકો તાંદળીયો સુવા ભાજી છે,
કેરી કાચલી અથાણું કરેલ, ગોળ કેરી ઝાઝી છે. ૩
ભાત દાળ કઢી અનૂપ છે,
ચટણી પાપડ ફાફડા દુધ, સાકર સૂખ રૂપ છે. ૪
જમી ચળું કરી બિડિ લિધલી,
સંત પંક્તિ કરો તત્કાલ, આજ્ઞા એમ કિધલી. ૫
પ્રેમાનંદ કે' હરે શબ્દ કિધલાં,
આવ્યા પિરસવા નારાયણ આપ, મોતૈયા કર લિધલાં. ૬

પદ ૪ થું.

વારંવાર જમાડી દર્શન દિધલાં,
ફર્યા પંગતમાં પંચવાર, વળતી શયન કિધલાં. ૧
પોઢી જાગ્યા રાજેંદ્ર રળિઆમણો,
મતવાળો ડોલરિયો ભૂપાળ, કાનડ વર કોડામણો. ૨
વર્ણિ મુકુંદ અક્ષર ઓરડી આવિયા,

દિઠા ડોલરિયો દિવાન, શાકર જળ પાવિયા. ૩
સાંજે ઓરડે સભા કરી શોભતી,
ગાદી તકીયે રંગત પાટ, મૂનિ મન લોભતી. ૪
એવી સભા જોઇ શત્રુ હારિયા,
કામ ક્રોધ લોભ મોહ માન, મોત વિના મારિયા. ૫
પ્રેમાનંદ કે' દેશો દેશ પૂરના,
આવ્યા પૂજા કરવા હરિજન, દેશાંતર દૂરના. ૬

પદ ૫ મું.

હવે સાંભળજો એક વારતા,
પૂંજ્યા નારાયણ કરી પ્યાર, છબિ ઉર ધારતા. ૧
કાશ્મિર ઇંદુચંદન મરમિ કિધલો,
પેરી ડગલી સોનેરી સૂરવાળ, લાખેણો લાભ લિધલો. ૨
માથે પાગ બાંધી મુંગા મૂલની,
ઓઢી શાલ કટિ સેલુ સાર, શોભા સૂરજ તુલની. ૩
હવે કુંડળ પેરાવો કરણમાં,
પેર્યો કંદોરો કટિલંક સાર, તોડા જુગલ ચરણમાં. ૪
વેઢ વિંટી કડાં સોના સાંકળાં,
પોંચી ઊતરી નંગ જડેલ, જોવા જન આકળા. ૫
પ્રેમાનંદ કે' પેહેરાવી ફુલ હારને,
પછે આરતિ ઉતારી કરી પ્યાર લહે કોણ પારને. ૬

પદ ૬ ઠું.

એવી પૂજા કરી પાયે લાગિયા,

આ મૂર્ત્તિ અખંડ રહેજો ઉર, એ વર અમે માગિયા. ૧
હવે વસ્ત્ર ઓઢાડો સંત વાલને,
સર્વે ફેલ મેલાવ્યા તત્કાળ, ઓળખાવ્યા ધર્મ લાલને. ૨
ધન્ય ધન્ય સત્સંગી સાથને,
પૂજ્યા ધર્મ કુંવર કરતાર, મોહન સૂખ પાથને. ૩
ધન્ય ધન્ય ઘેલા ગઢપૂર ધામને,
ધન્ય અભય પુત્ર ઉત્તમ રાય, રાખ્યા ઘેર શામને. ૪
એવી લિલા તેર દિવસ કિધલી,
કરે પંક્તિ જમાડે સાધુ નિત્ય, લિલા લખી લિધલી. ૫
પ્રેમાનંદ કે' ગઢપૂર લોકને,
રહ્યા નારાયણ કરી નિવાસ, ટાળ્યા સંસે શોકને. ૬

પદ ૭ મું.

નિત્ય થાયે કથા સભા ગાવણાં,
કરે કથા નિત્યાનંદ નિત્ય, પુસ્તક લઈ રળિયામણાં. ૧
ધન્ય ધન્ય નિત્યાનંદ નામને,
વાંચી રાજી કર્યા ભગવાન, ધર્મ તનય શામને. ૨
હાથ જોડી સત્સંગી બોલીયા,
ઘેર ચાલ્યા ફરવા મેલો સંત, દે સિખ ઘણા ડોલિયા. ૩
એમ કરતાં દિવશ બહુ વિતિયા;
જાવો ફરવા સંતો ઉરવીર આજ, અરિ તમે જિતિયા. ૪
ચોરિ આદિક નિયમ ધરાવજો,
કરી વાત્રુ કથા દેશો દેશ, સમૈયે વેલા આવજો. ૫

સંત ફરવા ગયા દેશ દૂરમાં,
લખી શોભા ચરિત્ર ગુણ ગાન, પ્રેમાનંદ હજુરમાં. ૬

પદ રાગ ગરબી.

ધન ધર્મ કુમાર, વારંવાર ધનસ્યામને જાઉં હુંતો વારણે,
ફરી ધર્યો અવતાર, કૃષ્ણ કૃપાનિધિ પ્રગટ્યા નિજજન કારણે.ટે
ધર્યો કૃષ્ણ અવતાર શ્રી મહારાજે,સુખ દેવા શ્રી ગોપીજનને કાજે
કર્યું વિઘન અસુરે ઝાઝે. ધન. ૧
પછે દૈત્ય સમૂહ હરિયે સંહાર્યો, વાલે અવનિ ભાર સર્વે ઉતાર્યો;
પાછો ધર્મ કુળે અવતાર ધાર્યો. ધન. ૨
શુભ કૌશળ દેશમાં જન્મ ધરિ, શુભ સરવરિયા દ્વિજ ઘેર હરિ
તજ્યું કુટુંબ તે વરણિનો વેશ કરિ. ધન. ૩
ફર્યા દેશ વિદેશ વિકટ જાગે, સર્વે તિર્થ પાવન કર્યા અનૂરાગે;
આવ્યા સોરઠ પ્રેમાનંદ ભાગે. ધન. ૪

પદ ૧ લું

ધન ધન લિલા, એક રસનાયે શું વરણવું અંત ન આવે;
કરી સોરઠ માંહે, સેષ સારદ નારદ પાર ન પાવે. ટેક.
આવ્યા ફરતા દૂરગપૂર બહુ નામી,ખોલતાં નિજજનનાઅંતરજામી;
વસ્યા ગઢપૂર કરૂણા કરી સ્વામી. ધન. ૧
કિધિ કૃપા ઉત્તમ નૃપને માથે, નિજ ભક્ત જાણીને ઝાલ્યો હાથે;
કર્યું પાવન તેનું મંદિર નાથે. ધન. ૨
જેમ રહેતા નંદ ઘેર કરી પ્રિતે, તેમ રમવા જમવા રસરિતે;
વાલો વરસ્યા કૃપારસ નિત નિતે. ધન. ૩

નિત સાથે લઈ મુનિના વૃંદ, કરે લિલા દૂરગપૂર સૂખ કંદ;
બલિહારી જાયે પ્રેમાનંદ. ધન. ૪

પદ ૨ જું.

ધન ગઢપૂર ધામ, એક રસનાયે મહિમા કવિ શું વર્ણન કરે,
ધન ઉત્તમ નરેસ, પ્રિત કરી હરિ વસ્યા નિત જેને ઘરે; ટેક
જેનું શિવ બ્રહ્માદિક ધ્યાન ધરે, જેને માહા મુનિવર ખોલતાજ ફરે;
જેનાં રાધા રમા પણ જતન કરે. ધન. ૧
જે અખિલ ભૂવનના એક સ્વામી,
જે અક્ષર ધામ તણા ધામી;
તે વસિયા ઊત્તમ ઘેર બહુ નામી. ધન. ૨
અતિ સુંદર મૂર્ત્તિ સોભે નાથ,
કરે લિલા મૂનિ હરિજન સાથ;
નિત જમે જમાડે મૂનિ નિજ હાથ. ધન. ૩
ધન નૃપ ઊત્તમનો દરબાર,
જ્યાં પ્રગટ બિરાજે જગ આધાર;
જોઇ પ્રેમાનંદ જાયે બલિહાર. ધન. ૪

પદ ૩

ધનધન ધરણિ, ઊત્તમના દરબારની વાત નવ જાયે કહી,
અતિ મૂક્તિ રૂપ, ચરણ કમળ અંકિ તજે રજ પરસી રહી. ટેક.
ધનધન અતિ પાવન ઓસરિયું,
નિત રાગ રંગ કથા રસ ભરિયું;
વાલે ગોલોક બ્રહ્મ મોહોલ તૂલ કરિયું. ધન. ૧
સોભે વસ્ત્ર આભૂષણ અંગ ધરતાં,

ઘોડા ખેલાવે લિમ્બ તરૂ ફરતાં;
થાયે નેણા સિતળ દર્શન કરતાં. ધન. ૨
ધન સજ્યા હરિ જ્યાં વસે વાસ,
ધન ચોક મૂનિ જ્યાં રમે રાસ;
કરી વાતુ હરિયે છાયો આકાશ. ધન. ૩
ધન કેસર ચંદન ચરચિ અંગે,
ફુલ હાર તોરા ધરી ઊમંગે;
પ્રેમાનંદ કે' રમે મૂનિવર સંગે. ધન. ૪

પદ ૪ મું.

ધન દૂરગનગર, શેરીયે શેરીયે વિચર્યા સહેજાનંદજી,
ધન ઉન્નત ગંગા, ખળખળીયે નિત્ય નહાતા આનંદકંદજી. ટેક,
ધનધન ગઢપૂરની ધરણિને,
ધન નરનારીની કરણિને;
હેતે નિરખ્યા સહેજાનંદ વરણિને. ધન. ૧
ધનધન ધરણિ લક્ષ્મિ વાડી,
વાલો ઘોડે બેસીને જાતા દહાડી;
ત્યાં જાતા જીવણુ મેવા જમાડી. ધન. ૨
ધનધન ભૂમિ રાધા વાવ્ય તણી,
ત્યાં જાતા વાલો અતિ બણીરે ઠણી;
પોતે ખોદાવી કરી પ્રિત ઘણી. ધન. ૩
નાવા જાતા નારાયણ જે ઘાટે,
રથ હાંકતા હરિવર એ વાટે;
પ્રેમાનંદ કે' સંભારતા હૈયું ફાટે. ધન. ૪

પદ ૫ મું.

ધન ઊત્તમ ભૂપ, અતિ જતને ઘેર રાખ્યા સહેજાનંદ હરિ,
નવ દુખવ્યા જરી, ફુલ તણી પેરે રાખ્યા અતિ પ્રિત કરી. ટેક.
જમાડતાં ભોજન કરીને પ્યારા, પહેરાવતાં વસન જરકશી સારા;
અંગો અંગ ધરાવતાં આભૂષણ ન્યારા. ધન. ૧
ધન ઉત્તમના પરિવારને, જેણે રાજી કર્યા કિરતારને;
વાર્યું હરિપર ઘરબારને. ધન. ૨
ધન જન્મ ધર્યાનું ફળ લીધું, ધન સર્વસ લઇ હરિને દીધું;
નૃપે એક હરિનું ગમતું કીધું. ધન. ૩
ધન વેચાણો હરિવરને હાથે, જ્યાં જાયે પ્રભુજીને સાથે;
પ્રેમાનંદ કે' કૃતારથ કીધો નાથે. ધન. ૪

પદ ૬ ઠું.

ધનધન ગઢરાજ, આજ સમે અવનિપર ધામ એવું નથી,
ધનધન દરબાર, ઉત્તમરાવનો પ્રભુજીયે કીધો પાવન અતિ; ટેક
જ્યાં લિળા કરી અતિ મહારાજે, નિજ એકાંતિક જનને કાજે;
એનો મહિમા ત્રિભૂવનમાં ગાજે. ધન. ૧
જ્યાં અખંડ બિરાજે હરિ અવિનાસી, શ્રી ગોપિનાથ રૂપ સુખરાસી,
આવે દર્શન કરવા ત્રિભૂવન વાસી. ધન. ૨
જેનાં મંદિર અતિ સોભા સૂર, કરે દર્શન તેના પાતક દૂર;
પામે ધર્મ અર્થ મોક્ષ જરૂર. ધન. ૩
સર્વે ધામ થકી એ અધિકધામ, સર્વે ધામ બિરાજે એ ઠામ;
પ્રેમાનંદ કે' મૂક્તિરૂપ કર્યું શામ. ધન. ૪

પદ ૭ મું.

ધન ધન હરિજન, ગઢપૂરના વાસીનો શું મહિમા કહું.
એ થકી અધિક, ચૌદ લોકમાં ન મળે કેની ઉપમા દઉં. ટેક.
મૂખ રટે સ્વામિનારાયણ નામને, દૃષ્ટિ આગે શ્રી ઘનશ્યામને;
વાર્યું ભૂપર ધર્મ અર્થ કામને. ધન. ૧
પડયાં મેલી ઘરનાં કામકાજને, નિરખે નેણાં ભરી શ્રી મહારાજને
પામે અતિ આનંદ તજી લોક લાજને. ધન. ૨
કરી ભોજન જમાડ્યા હરિજન હાથે,
નિત હાર પહેરાવે તોરા ખોસી માથે,
પ્રભુ જાયે ત્યાં ફરે સાથે સાથે. ધન. ૩
વાલે ધાર્યું હતું તે સર્વે સત્ય કીધું
સઉ નિજ જનને અતિ સૂખ દીધું,
પ્રેમાનંદે આ ફેર ભલું સૂખ લીધું. ધન ૪

પદ રાગ પરજ.

નેણામાં રાખું રે નેણામાં રાખું રે નાથજીને,
જતન કરીને મારા નેણામાં રાખું. ટેક.
શિવ સનકાદિક સૂક જેવા જોગિ,
હાંરે જેની વાટું જૂવે છે લાખું રે. નાથજી. ૧
છેલ છબિલાની મૂરતિ ઉપર,
હાંરે મારા પ્રાણ વારી વારી નાખું રે. નાથજી. ૨
નયણે નિરખી હરિને ઉરમાં ઉતારૂં,
હાંરે એના ગુણલા તે નિશદિન ભાખું રે. નાથજી. ૩

પ્રેમાનંદ કહે હરિ રસ અમૃત,
હાંરે હુંતો પ્રેમે કરીને નિત ચાખું રે. નાથજી. ૪

પદ ૧ લું.

અળગા ન મેલુંરે અળગા ન મેલુંરે નાથ તમને,
આંખલડીથી અળગા ન મેલું. ટેક.
મદન મોહન તારી મૂરતી જોઈને,
હાંરે મનડું થયું છે ઘેલુંરે. નાથ તમને. ૧
લોક કુટુંબ પરિવાર તજીને,
હાંરે મેંતો તમ સંગ બાંધ્યુંછે બેલુંરે. નાથ તમને. ૨
પ્રાણ જીવન તમે પાસે રહ્યાનું,
હાંરે મુને વચન દીધુંછે પેહેલુંરે- નાથ તમને. ૩
પ્રેમાનંદ કહે જોઈ જોઈ જીવું,
હાંરે તારૂં મોળિડું રંગનું ભરેલુંરે. નાથ તમને. ૪

પદ ૨ જું.

નહિ દઉં જાવારે નહિ દઉં જાવારે નાથ તમને,
આંખડલીથીરે નહિ દઉં જાવા. ટેક.
જીવની પેઠે જાળવીને રાખીશ,
હાંરે એક લગારે નહિ દઉં દુખાવારે. નાથ તમને ૧
મન ગમતારે ભોજન રાંધી જમાડું,
હાંરે લાવું સાકર નાંખીને દુધ પાવારે. નાથ તમને. ૨
શ્વેત અંબર અતિ ઝીણા લાવું,
હાંરે મારા પ્રાણ તમને પેરાવારે. નાથ તમને. ૩

જાવાનું તમે નાથ લીયો તો,
હાંરે પ્રેમાનંદના સમ છે માવારે. નાથ તમને. ૪

પદ ૩ જું.

આવાને આવારે આવાને આવારે રહેજો મારી,
આંખડલીમાં આવાને આવા. ટેક.
આવાને આવા મારા નાથ બિરાજો,
હાંરે મારા તનના તાપ બુઝાવારે. રહેજો મારી. ૧
ડોલરિયાને નિત હાર પેરાવું.
હાંરે રૂડા તોરા લાવું લટકાવારે. રહેજો મારી. ૨
અમૃત વેણુ સૂકોમળ નેણુ,
હાંરે રહું હાજર નિશદિન ગાવારે. રહેજો મારી. ૩
પ્રેમાનંદ કહે નાથજી આગે,
હાંરે રહું હાજર નિશદિન ગાવારે. રહેજો મારી. ૪

પદ. રાગ માડ.

ગુન્હા કરીને માફ હો, ગુન્હા કરીને માફ;
પધારો તે સહેજાનંદજી, હો ગુન્હા કરીને માફ. ટેક.
પ્રણામ છે ધર્મ તાતને, ભક્તિ માતને પ્રણામ;
પ્રણામ હો જેષ્ઠ ભ્રાતને, ઇચ્છારામને પ્રણામ. હોગુન્હા.
પતિ મેલ્યા પિયુ તમ કારણે, મેલી કુળ મરજાદ;
માતપિતા મૂકયા છે સ્વામિ, એક તમારે કાજ. હોગુન્હા.
ગરૂડ તજીને પાળા પધાર્યા, ગજ સારૂ માહારાજ;
એ રીતે તમે આવો દયાળું, કરવા હમારા કાજ. હોગુન્હા.
અમ જેવા તમને ઘણા, પણ તમો હમારે એક;

પ્રેમસખિ વિનંતી કરેછે, જો રાખો હમારી ટેક. હોશુન્હા.

પદ, રાગ પરજ, ગરબો.

કહાવે સંદેશો વ્રજનારરે, ઊધવજી સાથે;
થયા નિર્દય નંદ કુમાર રે, ઊધવજી સાથે. ટેક.
ઊધવ કહેજો એટલી, જઇને જીવણ પાસ;
દલાસે દુખિયા થયા, થયા કપટીને વિશ્વાસ રે. ઊધવ. ૧
ચૈતરે ચિંતા થઈ ઘણી, શાયો કરૂં ઉપાય;
વિજોગે વિલખી ફરૂં, મારા પાપી પ્રાણ ન જાય રે. ઊધવ. ૨
વૈશાખે વરસે ઘણી, ગ્રિષ્મ રૂતુની ઝાળ;
નિર વિના જેમ માછલી તેમ દુખિયા અમે ગોપાળ રે. ઊધવ. ૩
જેઠે જાણ્યું નહિ જીવવું, જાદવ વિના જરૂર;
દાહ દેવાને મેલજો, તમે વળી વેલો અકરૂર રે. ઊધવ. ૪.
નાવ્યા અષાડે નાથજી, ગરજ્યો મેઘ મલાર;
વિદેશે વિલખી રહ્યા, કોઈ મળીરે ઠગારી નાર રે. ઊધવ. ૫
શ્રાવણ વરસે સરવડે, બોલે ચાતક મોર;
કોકિલા કોકે ઘણું, મુને વિરહ સંતાપે છે જોર. ઊધવ. ૬
રેણ અંધારી એકલી, ગરજે ભાદુ માસ;
વિજળડી ચૌકા કરે, નહિ પ્રાણ રહ્યાની આસ રે. ઊધવ. ૭
આસા લાગી લાલની, જેમ શું ચંદ્ર ચકોર;
જીવણ જમના કાંઠડે, કેદી મળશો નંદ કિશોર રે. ઊધવ. ૮
કારતગ માસે કહાવીયું, કપટ વચન બળવિર;
દિવાળી દુઃખમાં ગઈ, નહિ આવ્યા સામ શરિર રે. ઊધવ. ૯

માગશર માસે નહિં મળે, મોહન સુંદર સામ;
પ્રાણસહિત અમે ત્યાગશું, ઊધવજી ગોકુળ ગામ રે. ઊધવ. ૧૦
પોસે પેહેરી ચાલશું, જોગણીયોનો જોગ;
આવીને જગાડશું, અમે મથુરા પૂરીમાં અલેખ રે. ઊધવ. ૧૧
માઘે મોહન કારણે મેલી લોકની લાજ;
જોગણ થઇ વ્રજવિનતા, તમે આવો જોવા વ્રજરાજ રે. ઊધવા. ૧૨
ફાગણ ફુલ્યો ફુલડે, ફૂલ્યા આંબા મોર;
વિરહણી અંતર વેદના, ફુલ્યા કેસુર જાના હેર રે. ઊધવ. ૧૩
અધિક માસે આવિયા, રામકૃષ્ણજ જોડ;
પ્રાણસનેહિ સામળે, પૂર્યા પ્રેમાનંદ નારે કોડ રે. ઊધવ. ૧૪

પદ, રાગ, ધોળ.

સાભળ સજની લિળા પૂરષોત્તમ તણી,
એક સમાની સંભળાવું અતિ સારજો;
સુક સનકાદિક ભવ બ્રહ્મા વાંસે ફરે,
જોવાને સાંભળવાનો ઘણો પ્યારજો. સાંભળ. ૧
ધર્મ કુંવર પ્રગટ થઇને પધારિયા,
પૂર્વથી પશ્ચિમમાં પૂરણ ચંદજો;
ગૂજર સોરઠ કંક દેશ બહુ વિચર્યા,
અક્ષરપતિ સંગ લઇ મૂકત મૂનિ વૃંદજો. સાંભળ. ૨
કંક દેશમાં અતિ પાવન એક પૂર છે,
દ્રગનગર શૂભ ઉન્મત સરિતા તિરજો;
કુળ સહિત પૂરપતિ શ્રી હરિનો દાસ છે,

અભય આતમજ ઉત્તમ નૃપતિ મહા ધિરજો. સાંભળ. ૩
ત્યાં રહીને શ્રી હરિયે બહુ લિલા કરી,
કહેતાં સાંભળતાં શેષ ન પામે પારજો;
પ્રેમાનંદ કહે આસપાસના ગામમાં,
રહીને પાવન કીધા બહુ નરનારજો. સાંભળ. ૪

પદ ૧ લું.

સાંભળ સજની નામ કહું તે ગામનાં,
બોટાદને કારિયાણી સારંગપૂરજો;
ઝિંઝાવદર ને કુંડળ નાગડકું સહી,
સુંદરીયાણું લોયા નૃપતિ સૂરજો. સાંભળ. ૧
એ આદિક જે ગામમાં રહીને નાથજી,
લિલા કરી તે કોઇથી નવ કહેવાયજો;
શેષ સારદ કવિ કોટિ થાકે લખી,
પાર ન પામે અનંત જન્મ વહી જાયજો. સાંભળ. ૨
લવ માત્ર લિલા કહું લોયા ગામની,
રહ્યા નિરંતર માસ બે સુધી ત્યાંયજો;
લક્ષાવધિ સાથે મૂનિ મૂક્ત હરિજન,
જમે જમાડે સ્વામિ મૂનિ દ્વિજરાજજો- સાંભળ. ૩
નિજ હાથે નિત શાક કરે વંત્યાકનાં,
મૂનિવર સારૂ મોહન આણંદકંદજો;
પોતે પિરસે પૂરૂષોત્તમ કરી પ્રિતશું
જમે ને નિરખી હરખે પ્રેમાનંદજો. સાંભળ. ૪

પદ ૨ જું.

વળી વખાણું શાકોચ્છવ લિલા કરી,
કરતાં જેણે નિરખ્યાં સુંદર શાકજો;
દ્વાદશ મણુતો એકાક્ષર વઘારમાં,
જોવા આવ્યા શિવ, બ્રહ્મા તજી નાકજો. વળી. ૧
ચિરિયું ચાર સુધારીને વંત્તાકની,
મેલે મોટા ભાડ માંહી ભગવાનજો;
લવણ મસાલો હલદી મરચા માવજી,
નિજ હાથે લઈ નાંખે કૃપાનિધાનજો. વળી. ૨
હલદીવાળા હાથ લુવે નિજ ધોતિયે,
શોભે સુંદર પિળે પટ પરિબ્રહ્મજો;
અક્ષરપતિ પૂરૂષોત્તમે નર વપુ ધર્યો,
જાણે મોટા મૂનિ એકાંતિક મર્મજો. વળી. ૩
શું વરણવું એ શાક તણા સવાદને,
રમા રાધિકા તે ડોલાવે શિશજો;
ભવ બ્રહ્માદિકને તો સ્વપ્ને ન મળે;
પ્રેમાનંદને પિરસે નિત જગદિશજો. વળી. ૪

પદ ૩ જું.

જમે જીવણજી શાક કરેલ નિજ હાથનાં,
સુંદર ઝીણી રોટલિયું સૂખ રૂપજો;
વખાણી વખાણી હરિ આપે સખાના હાથમાં,
પાસે બેઠા નિજ જન મૂની અનૂપજો. જમે. ૧
શાક પાક બિજાં અનંત ભાતના થાળમાં,

ષટરસ ભોજન ચાર પ્રકાર કેહેવાયજો;
ભક્ષ ભોજને લેહ્ય ચોસરા જમે હરિ,
નિરખી નિરખી નેણુ શિતળ થાયજો. જમે. ૨
જમી ચળુ કરી મૂખવાસ લઈ શ્રી નાથજી,
કટિ બાંધે કશી આડ સોડે લઈ ખેસજો;
પિરસે શાક પંગતમાં અતિ પ્રિત કરી,
મૂનિવરને હરિજનને નટવર વેશજો. જમે. ૩
આણુંદ રસ એમ નિત વરસે શ્રી નાથજી,
નિજ જનને સૂખ આપે આણુંદ કંદજો;
અતિ અદ્ય હરિ ચરિત્ર કરે નિત નિત નવા,
નિરખીને જાયે વારિ પ્રેમાનંદજો. જમે. ૪

પદ ૪ સું.

ધન ધન શું વર્ણવુંએ ભાયેગ લોયા તણાં,
ધન નારી ધન નૃપ સૂરો ભક્તજો;
અક્ષર પતિ શ્રી નારાયણને વસ કર્યા,
ભજ્યા હરિ કરી વેરી સર્વે જક્તજો. ધન. ૧
પરમ પૂરૂષ શ્રી નારાયણ નિત રમે,
જમે લોયામાં શ્રી ભક્તિ ધર્મ કુમારજો;
નિજ જનને ઘર આંગણે જઈ પગલાં ધરે,
દર્શન દેવા પ્રિતે પ્રાણ આધારજો. ધન. ૨
એક સમે લોયામાં ચંદ્ર ગ્રહણ થયું,
ભદ્રાવતિ નદિ નાવા પધાર્યા નાથજો;
અશ્વને શકટ જોડાવી શ્રી હરિ નિસર્યા,

મૂનિવરને હરિજન સૌ લઈ સાથજો. ધન. ૩
શરદ ઋતુમાં સિત તણું જોર અતિ ઘણું,
મૂનિવરને શ્રી હરિ તાપ્યા નાહીને તાપજો;
પ્રેમાનંદ કહે નાહીને પ્રભૂજી પધારિયા,
ગાજતે વાજતે અખિલ લોક પતિ આપજો. ધન. ૪

પદ ૫મું.

વળી વખાણું લિલા લોયા ગામની,
સુણતાં શ્રવણે પાતક પ્રલય થાયજો;
દૂર્લભ છે સૂરપૂર વાશી નરનારને,
વ્યાસ વિરંચી સુક નારદ નિત જાયજો. વળી. ૧
શ્રી હરિના બંધુ બે આવી ત્યાં મળ્યા,
રામપ્રતાપને નાના ઇચ્છારામજો;
ખબર સૂણી અતિ હરખે આવ્યા દેશથી,
ઘણેક કાળે ભેટયા સુંદર શામજો. વળી. ૨
લોચન ભરી નિરખ્યા અમોચન નાથને,
જેમ અતિ પ્રિતે નિરખે ચંદ્ર ચકોરજો;
ઓળખે ચિન્હ એંધાણી સર્વે અંગમાં,
બાળપણામાં દિઠા હતાં જે મોરજો. વળી. ૩
એમ લોયામાં રહીને બહુ લિલા કરી,
શેષાદિક કવિ કોટી ન પામે પારજો;
એક રસના એ અન્ય કવિ શું દાખવે,
મન ક્રમ વચને પ્રેમાનંદ બલિહારજો. વળી. ૪*

---

*આ ચિન્હ સુધીનાં કિર્ત્તનો રા. છગનલાલ વિ. માણે-કલાલ સુરતવાળએ મોકલેલ, તે ઉપકાર સાથે પ્રગટ કર્યાં છે.

પદ ૧ લું. રાગ ગરબી.

દરશન વિના અતિ અંતરેરે વાલા થાયછે ઘણી દાજરે.
નથી રેવાતુંરે.
વ્રહતણું મહારાજ દુખડું નથિ સેંવાતુંરે;
ખટકે છે અતિ નાથજીરે મરા ઉરમાંઇ એંધાણુરે. નથિ૦
વેધ્યાં નેણુને બાણુ સાલેછે નથી સેવાતુંરે; નથિ૦
બહુ હેતે બોલાવતારે વાલા મોહન દઇને માનરે. નથિ૦
દેતા દરશન દાન આવીને. નથિ૦
રમવા જમવા એકઠારે, વાલા મળતા કરિ અતિ હેતરે. નથિ
મરમતણા સંકેત સાંભરે. નથિ૦
કુટુંબ તે અમને માનતા તમે દિનાનાથ દયાળરે. નથિ૦
પ્રેમાનંદ પ્રતિપાળ આવોને. નથિ૦

પદ ૨ જું.

દુર્લ્લભ દરશન થઇ ગયા હવે ક્યારે મળસ્યો નાથરે;
સુખના સાગર[1]જીરે;
ભેટો ભુજ ભરી બાથ રસિયા રૂપ ઉજાગરજીરે;
દુર્લભ વાતુ મુખતણી વાલા સાંભળતાં સુખ થાયરે. સુખ૦
પરસે પાતક[2]જાયે તમને. રૂપ૦
જેજે ઠેકાણે બેસતા વાલા કરતા લટકાં લાલરે. સુખ૦
તેને મુખકે ભાલ[3]ઉરમાં. રૂપ૦
જ્યારે જીવન સાંભરે ત્યારે, દુખ તણો નહીં પારરે. સુખ૦
છાતી વજ્ર સાર ફાટે નહીં. રૂપ૦

---

૧ સાગર=દરિયો. ૨ પાતક=પાપ ૩ ભાલ=કપાળ;

મેર કરીને હવે માવજીરે વેલી લેજ્યો શામ સંભાળરે. સુખ૦
પ્રેમાનંદ પતિપાળ વાલીડા. ૩૫૦

પદ ૧ લું. રાગ પરજની દેશી.

છેલ જોઈરે રંગ છેલ જોઇ,
મારાં લોચનિયાં લોભાણાંરે. રંગ છેલ જોઇ.
નટવર નાગર વાલારે શોભા સાગર;
ડોલરિયોરે અલબેલ કોઇ. મારાં૦
જમુનાને તીરે ઉભો વેણુ વજાડે,
નેણને ચાળે ચીત લીધું પ્રોઈ. મારાં૦
મીઠડા બોલોરે મરમાળો મોહન;
કામણગારોરે એનાં નેણ દોઈ. મારાં૦
નંદકુંવર ઘનશ્યામ છબી પર;
પ્રેમાનંદ કુરબાન હોઈ. મારાં૦

પદ ૨ જું.

મરમાળોરે મોરલીવાળો,
મને વાલોરે લાગે મોહનવર મરમાળો.
કાન કેશરિયોને રંગડાનો ભરિયો,
મરમ ભર્યોરે નેણાનો ચાળો. મને૦
વંસી મનોહર વાય સુંદરવર,
પરજ તણોરે લાવે ઢાળો. મને૦
ડોલરિયો મારે મનડેરે વશિયો;
મીઠા બોલોરે છેલો છોગાળો. મને૦

પ્રેમાનંદનો નાથ મનોહર.
રાજીવ લોચન રૂપાળો. મને૦

પદ ૩ જું.

મન વસિયો મારે મન વસિયો.
જસોદાનો રે જીવન બાઈ. મારે મન વસિયો.
નવ ઘન સુંદર મદન મનોહર,
નટવર નાગર રંગ રસિયો. જશોદા૦
મોરમુગટ મકરાકૃત કુંડળ,
નવસરિયોરે હાર ઉર લસિયો. જશોદા૦
ઉર વનમાળ બાજુબંધ ગજરા,
પીતાંબર કમરે કસિયો. જશોદા૦
પ્રેમાનંદનો નાથ રસિલો,
મુજ સામુંરે જોઈને હસિયો. જશોદા૦

રાગ પરજ.

મારો મારગ મેલોને રસિયા રે, રંગ છેલ છબીલા;
અમે જમુંના જળભરવારે જઈએ, શીદને આવોછો ધસિયા રે. રંગ૦
સરખી સૈયરોને જોઈને જીવન, મીઠડા બોલા મન હસિયા રે. રંગ૦
અલબીલા શીદ આળ કરોછો, ગીરીધર ગોકુળ સસિયા રે. રંગ૦
બહુનામી બાજોરે માંરે અમને, પ્રેમાનંદ ઉર વસિયા રે. રંગ૦

પદ ૨ જું.

તમે કાન કુંવર કેશરિયા રે, દાણ સ્યાના માગોછો;
સમઝી વિચારીને શ્યામ મનોહર, જાતાં રોકો નટવરિયારે. દાણ૦
કેદીના દાણીછો મોહનજી, કીયારે ગામના ઠાકરિયા રે. દાણ૦

કંસરાયના રાજમાં કાના, ફેલ ન કરિયે ડોલરિયા રે. દાણ૦
પ્રેમાનંદના નાથ હલકાઈ, નવ શીખો દિલ દરિયારે. દાણ૦

પદ ૩ જું.

મારો પાલવડો પાતાળિયારે, મેલોને માણીગર;
છેટે રેજયો છેલ છબિલા તમે, ધુતારા હવે કળિયા રે. મેલોને૦
પરનારીને વશ કરવા તમે, વેણુ વાઓ છો છપિયા રે. મેલોને૦
મતલબના ગરજી છો મોહન, હેતે હરિવર હળિયા રે. મેલોને૦
પ્રેમાનંદ વ્રજનારીપર, આજે અઢળક ઢળિયા રે. મેલોને૦

પદ ૪ થું.

કેશવ કઉંછું કયારનીરે, કેડો મેલ કાનુડા;
આવી અચાનક[1] તોડી મારી, માળા લાખ હજારની રે. કેડો૦
કંસને જઇને કઈશ ત્યારે, ચીંતા થાશે પરબારની રે. કેડો૦
નિર્લજ નવરો થઈને ડોલે, લાજ તજી સંસારનીરે. કેડો૦
પ્રેમાનંદના નાથજી માનો, કોહ એ વાત વિચ્યારનીરે. કેડો૦

રાગ ગરબી.

ઓરા આવોને સુદર સ્યામરે, સ્યામળિયા ઓરા આવો;
જીવન જોઉં મુરતી મારાં નેણાંરે શિતળ થાય;
તિલ જોઈ ડાબા કાનમાં મારાં ભવનાં પાતક જાયરે. શામળિયા૦
સોભવંત સોળે કળા પરિપુરણ શ્રી મુખચંદ;
ક્રીપા રૂપી વરસતા અમ્રત રસ આનંદ કંદરે. શામળિયા૦
એક ચિત પ્રીતિ અતિ જુવે નિજજન કુમુદ ચકોર;

---

૧ અચાનક=એકા એક.

અમ્રતદ્રષ્ટેસીંચતાવળિહરતા ત્રિવિધી ઘોરરે. શામળિયા૦
અધર[2]તરૂણુ નાસા વળી કુંદ કલી સમ દાંત;
પ્રેમાનંદનાનાથજીમારેજોયાનીછેખાંતરે[3] શામળિયા૦

પદ ૨ જું.

લોભાણી હું લેરી લાલરે. લેરખડા હું લોભાણી.
માવ મનોહર મુરતી મારા મનમાંરે રાખ્યા લાગ;
મગન થઈ છું જોઈને અલબેલડા તારી પાગરે. લેરખડા૦
તોરા લટકે પાગમાં ગળે પે'ર્યારે સુંદર હાર;
વિંટિ રહ્યાછે વાલ્યમા મધુકર તે મુનિ અપારરે. લેરખડા૦
ભાલ તિલક શોભા ઘણિ જોઈ લાજેરે શશિ સુર;
મોયા સારૂ તમે કામને રચિ ભ્રકુટી તે ભરપુરરે. લેરખડા૦
શોક સમુદ્ર શોષવા તમે, કરોરે સુંદર હાસ્ય;
એશોભા જોઈરાજનિ થયોમગન પ્રેમાનંદદાસરે, લેરખડા૦

પદ ૩ જું.

તમે કીધલાં કામણ કાનરે, કામણીઆતો કરતાં.
સામા મળીયા શેરિયે તમે હસતારે હસતા મીત,
હૈડું લીધું મારૂં હાથમાં લગાડીને મોહન પ્રીતરે. કામ૦
સુતા બેઠા સાંભરો મારે હાથ ન લાગે કાન;
જોયા વિના જંપ ના વળે રૂપાળાશ્રી ઘનશ્યામરે. કામ૦
કેશવ જોવા કારણે મેંતો મેલિરે કુળની લાજ;
દિવાની થઈને ફરૂં ડોલરિયા તારે કાજરે. કામ૦

---

૨ અધર=નીચેનો હોઠ. ૩ ખાંત હોંશ.

દુરિજન દિઠા નવ ગમે મને ન ગમે તેનો સંગ;
પ્રેમાનંદના નાથજી મને. લાગેલ તારો રંગરે. કામ૦

પદ ૧ લુ.

રાગ ભૈરવી. ગરબી.

મેંતો દીઠા શ્રી ઘનસ્યામ સુંદર શીકહું સોભા સાહેલી.
ધર્યો મોર મુગટ અભિરામ સુંદર. શીકહું૦
કર્યું કેશર તિલક ભાલ સુંદર. શીકહું૦
ચાલે રાજહંસ ગતિ ચાલ સુંદર. શીકહું૦
કાને કુંડળ મકરાકાર સુંદર. શીકહું૦
કોટે કૈસ્તુભ[2]મણીના હાર સુંદર. શીકહું૦
બાંયે બાજુ કડાં કરમાંય સુંદર. શીકહું૦
જોતાં રવિ[3]શશિ[4]જોત લજાય સુંદર. શીકહું૦
પેર્યો પીતામ્બર કટિસાર સુંદર. શીકહું૦
જાણે ઘનમાં વિજળી ઝબકાર સુંદર. શીકહું૦
શોભે અંગો અંગ છબિ ધામ સુંદર. શીકહું૦
વારે પ્રેમાનંદ કોટિક કામ સુંદર. શીકહું૦

પદ ૨ જુ.

હુંતો ભરવા ગઇતી નીર નટવર. દિઠા જમુનાને તીરે.
રમે રાસ રસિક બળવીર. નટવર દીઠા૦

---

૧. મધુકર= ભમરા. ૨ કૌસ્તુભ=ચૌદરત્નમાંનું એક રત્ન
૩ રવિ=સૂર્ય. ૪ શશિ=ચંદ્ર.

વાલો ગાય મનોહર તાન. નટવર દીઠા૦
મને બોલાવી દઇ માન. નટવર દીઠા૦
સામું જોઈ હસ્યા બ્રજરાજ. નટવર દીઠા૦
હુંતો શરમાણી કાઢી લાજ. નટવર દીઠા૦
મારે દુરજનિયાની બીક. નટવર દીઠા૦
અંતર પ્રીતી ઠીકાઠીક. નટવર દીઠા૦
વાલે કૌતિક કીધું ભારી. નટવર દીઠા૦
બીજાં નવ જાણો નરનારી. નટવર દીઠા૦
હુંતો ભરવા લાગી હેલ. નટવર દીઠા૦
જોયા જળમાંહે રંગ છેલ. નટવર દીઠા૦
એવા પ્રેમાનંદનો સ્યામ. નટવર દીઠા૦
કીધી ગોપી પુરણ કામ. નટવર દીઠા૦

પદ ૩ જું.

રમે વૃંદાવન રસરાસ રસિયો. માડિ મને જોવા જાવાદે.
ઉગ્યો શરદ પુનમ સુખ દેણ. રસિયો માડિ૦
વાલો વાય મનોહર વેણ. રસિયો માડિ૦
જોવા વ્યાકુળ મારા નેણ. રસિયો માડિ૦
રમે ગોપિજનને સંગ. રસિયો માડિ૦
કરે થૈથૈ નવરંગ. રસિયો માડિ૦
વાજે તાલ મૃદંગ હરિ ગાય. રસિયો માડિ૦
મારો જોવા જીવ અકળાય. રસિયો માડિ૦
વાલો ઉભલા જમુના તીર. રસિયો માડિ૦
શોભે સુંદર શ્યામ શરિર. રસિયો માડિ૦

ાલે જાયે સૈયરનો સાથ. રસિયો માડિ०
જોવા પ્રેમાનંદનો નાથ. રસિયો માડિ०

પદ ૪ શું.

મને કામણ કીધલાં કોઇ કાનુંડે, મોહન મોરલી વાયને.
મારૂં ચિતડું લીધું પ્રાય. કાનુંડે મોહન०
મને માર્યા વ્રેહનાં બાણ. કાનુંડે મોહન०
મારા પરવશ કીધાં પ્રાણ. કાનુડે મોહન०
મને કાંઇ નવ સુઝે કામ. કાનુડે મોહન०
મારે ઝંખના[1] આઠો જામ. કાનુડે મોહન०
હુંતો ઘેલી ફરૂંછું ઘરમાંય. કાનુડે મોહન०
જોયા વિના તે જંપ ન થાય. કાનુડે મોહન०
વાઈ વાંસલડી કોઇ ભાત. કાનુડે મોહન०
મારે ન રઈ દલડે નિરાંત. કાનુડે મોહન०
મારૂં મનડું કીધું હાથ. કાનુડે મોહન०
મળ્યા પ્રેમાનંદના નાથ. કાનુડે. મોહન०

ગરબી.

ાલહારી ક્રશ્ન દીનેશ પ્રગટયા પૂરવમાં ;
જેજે ગાવે સારદ શેશ પ્રગટયા પુરવમાં.
અક્ષર પતી શ્રી વાસુદેવ થયા. ભક્તિ ધર્મના બાળરે;
શ્રીપુરૂષોતમ પૂરણ પોતે, કેશવ દિન દયાળ. પ્રગટયા પુરવમાં.
હરિપ્રસાદ તે તાત ધર્મ તનુ, ભક્તિ પ્રેમવતિ નામરે;

---

૧ ઝંખના=ચીતવણી.

ગોત્ર સાવર્ણિ કૈથમી શાખા, સરવરિયા વેદ શ્યામ. ૦
અવધપુરિની પાસે સુંદર, છપૈયા એક ગામરે;
ચૈત્ર શુક્લ નવમીએ પ્રગટયા, પાંડેશ્રી ઘનસ્યામ. પ્રગ
મોટા બંધુ રામપ્રતાપને, છોટા ઇચ્છારામરે;
વચેટ પ્રેમાનંદનો સ્વામી, કેશવ પૂરણ કામ. પ્રગટયા

પદ ૨ જું.

નિત્ય લાડ લડાવે માતા, ભક્તિ પ્રેમ કરી;
જેના પુત્ર પ્રગટ વિરમાતા, ભક્તિ પ્રેમ કરિ.
નિત્ય નિત્ય લાડ લાડાવે મુખડું ચુંબી કંઠ લગાવેરે;
ખમા ખમા મારા લાડકડા ઘનસ્યામ કહી બોલાવે. ભક્તિ.
પ્રાત થકી પલ એક ન મેલે ન્યારા સારંગપ્રાણીરે;
કોયલ હંસ ચકોર રમકડાં આપે આણી. ભક્તિ.
રડતાં રાખે છાનાં તારે, કરે ઘુઘરો નાદરે;
ગદ ગદ કંઠ સજળ લોચન મુખ નિરખે હરિપ્રસાદ. ભક્તિ.
માંખણ મિસરી લઇ ચટાડે, વેલા મોટા થાયરે;
બડ ભાગી પ્રેમાનંદ નિત્ય નિત્ય પરગટ લીલા ગાય. ભક્તિ.

પદ ૩ જું.

નિત્ય લાડ લડાવે માતા, હઇડે હેત ઘણું;
હીંચકાવે ગાતાં ગાતાં હઇડે હેત ઘણું,
હિરામણી કર તન પરવાલા, જડયાં પારણે ભારીરે,
રેશમદોરી લઈ હીંચકાવે, ધર્મ દેવ નારી. હઇડે,
રતન જડિત કંચન મંદિરની શોભા અતીશેં સારરે;
અષ્ટ સિદ્ધિ નવનીધી જેનો નિત્ય ઝાડે દરબાર. હઈડે.

કનક ભુવનની ઓસરિયે લઈ ઉભી આનંદકંદરે;
પશ્ચિમ દિશામાં શોભે જાણિયે, તિથિ વિજળિયે ચંદ. હઈડે.
ભક્તિ માતા કુંવરનું મુખડું, જોતાં ત્રપતી ન થાયરે;
પ્રેમાનંદનો સ્વામી જેના પુત્ર પરિબ્રહ્મ રાય; હઇડે.

પદ ૪ સું.

વાલો બોલે કાલા કાલા, કુંવર ધર્મતણા;
અતિ લાગે સહુનેવાલા, કુંવર ધર્મતણા.
રતન જડિત કર કડાં બિરાજે, હેમ હાંસડી સોહેરે;
કટિમેખલા નેપુર પગમાં, ચાલતાં ચિત મોહે. કુંવર૦
મુકતાહાર કાનમાં મોતી, બાંહે બાજુબંધરે;
લટકાં કરતાં રાય આંગણાંમાં, ખેલે આનંદકંદરે. કુંવર૦
અધર પ્રવાળ નાશિકા પોપટ, ભ્રકુટી ધનુપ બિરાજેરે,
ભાલ વિશાળ ચપળ ખંજનદ્રગ, નિરખી રતિપતિ લાજે. કુંવર૦
કટી પાતળી છાતી ઊંચી, લાંબી ભુજા ઉદારરે
કંબુ કંઠ હસિત મુંખ સુંદર પ્રેમાનંદ બલિહાર. કુંવર૦

પદ ૧ લું, રાગ ગરબી.

સજની શ્રીજી મુજને સાંભરીયારે, હૈડે હરખ રહ્યો ઉભરાય. સજની૦
નેણે આંસુની ધારા વહેરે, વિરહે મનડું વ્યાકુળ થાય. સજની૦
સુંદર મુરતી શ્રી મહારાજનીરે, સુંદર કમળ સરીખાં નેણ. સજની૦
સુંદર કરતાં લટકાં હાથનાંરે, સુંદર અમૃત સરખાં વેણ. સજની૦
શી કહું શોભા અંગો અંગ તણીરે, રિનખી લાજે કોટિક કામ. સજની૦
હસતા હસતા હેત વધારતારે, એવા સુખનિધિ શ્રીઘનશ્યામ. સજની૦

સદા શ્વેતાંબર શ્રીજી ધારતારે, અંબર જરકસિયા કોઈવાર. સજની૦
ગુછ કલંગી તોરા ખોસતારે, ગજરા બાજુ ગુલાબી હાર. સજની૦
એ છબી જોવા તલખે આંખડીરે, મધુરા વચન સાંભળવા કાન. સજની૦
એ હરી મળવાને હૈડું તપેરે, પ્રેમાનંદના જીવન પ્રાણ. સજની૦

પદ ૨ જું.

મનડું મુરતીમાં વળગી રહ્યું રે, ચીતવન કરવા ચીત આતુર. મનડું૦
તરૂણ મનોહર મુરતી નાથનીરે, રાજીવ લોચન જોબનપૂર. મનડું૦
શોભે ચિન્હ સહિત અતિ શોભતારે, સુંદર ચરણ કમળની જોડ. મનડું૦
હળવી રહીને હેતે ચાંપતીરે, કયારે હવે પુરશો મનના કોડ. મનડું૦
પીંડી જાનુની તે નીરખતીરે, રૂડા સાથળ ચીન્હ સહીત. મનડું૦
શામ કટી જોઇ જાદવરાયનીરે, નિત નિત નૌતમ ઉપજે પ્રીત. મન૦
ઊંડી નાભી કમળ સરખડીરે, ત્રીવળી નીરખી ઉદર માંય. મનડું૦
છાતી ઉપડતી અતી ઓપતીરે, હવે કયાં ભુજ ગ્રહી બથ ભરાય. મનડું૦
મુખની શોભા જોઈ મહારાજની, લાજે પંકજ પૂર્ણ ચંદ. મનડું૦
નાસા નેણ ભ્રકુટ જોઈ ભાલનેરે, જાય બલિહારી પ્રેમાનંદ. મનડું૦

પદ ૩ જું.

સજની નિમખ ન વિસરે નાથજીરે, નિત નવ તરૂણ પણાના ખેલ. સ૦
આ ઓશરીયે આવી બેસતારે, આ ઢોલીડે નટવર છેલ. સ૦
આ તકિયો તે વાંસે મેલતારે, માળા આ ફેરવતા શામ. સ૦
ગાતા ગોઠીડાંના સાથમાંરે, ઘેરે સાદે પુરણ કામ. સ૦
આ મોજડીયું વાલો પે'રતારે, આ છડી લેતા કરવર માંય. સ૦
આ પાદુકા પે'રી આવતારે, મારે મંદિર મુનિના રાય. સ૦
આ ફળિઆમાં ઘોડી ફેરવતારે, માણકી મતવાલી મહારાજ. સ૦

સંતની સભા કરી યાં બેસતાંરે, શ્રીહરી સુરનર મુનિ શિરતાજ. સ૦
કિરતન મુનિવરને ગવરાવતારે, ભેળા ગાતા શ્રી વ્રજચંદ. સ૦
એવા ધર્મ કુંવર હરી ઉપરેરે, તન મન વારી પ્રેમાનંદ. સ૦

પદ ૪ સું.

લટકાં લટકાળાં ઘનસ્યામનાંરે, ખટકે ઊંડા અંતર માંય. લટકાં૦
પ્રીત કરી મુજને બોલાવતાંરે, તે સંભારી બહુ દુખ થાય. લટકાં૦
આ સજ્યા તે શ્રી મહારાજ તણીરે,આ બાજોઠે બેસતા લાલ.લટકાં૦
આ ઠેકાણે નાતા નટવરજીરે, લુતા અંગ કર લઈ રૂમાલ. લટકાં૦
આ ઠેકાણે જમવા બેસતારે, જમતા વિધ વિધનાં પકવાન. લટકાં૦
સુંદર શાક કરી વંત્યાકનાંરે, જમિને દેતા પ્રસાદી કાન. લટકાં૦
આ ખળખળીયેનાતા નાથજીરેનાઇને હરિજન મુનિ લઇ સાથ.લટકાં૦
આવતા માણુક ચોકમાં મલપતારે,પુરજન થાતા જોઈ સનાથ. લટકાં૦
...લે બેસતા જઈ ફુલ બાગમાંરે,પે'રતા ગજરા ગુલાબી હાર.લટકાં૦
જેમ જેમ સાંભરે તેમ થાય વેદનારે,પ્રેમાનંદના પ્રાણ આધાર. લટકાં૦

પદ ૧ લું. રાગ જંગલો.

મુને રોકોમાં મારગ જાતારે. કાના કેશરિયા.
સારા લક્ષણતો નથી જણાતારે. કાના કેશરિયા.
મને જાવાદો પાણીડું ભરવારે. કાના કેશરિયા.
મારૂં ચીર તાણો છો શું કરવારે. કાના કેશરિયા.
શીદ નાંખો છો નેણાંનાં બાણરે. કાના૦
થાશે દુરજનિયામાં જાણરે. કાના૦
હજિ નાના છો નંદના લાલરે. કાના૦

ના શિખિયે લાલ કુચાલરે. કાના૦
જરા લોકની લાજથી ડરિયેરે. કાના૦
પ્રેમાનંદકે જોઇ પગ ભરિયેરે. કાના૦

પદ ૨ જું.

મુને રોકોમાં સુંદર શામરે. માનો મોહનજી.
મારે ઘેરછે ઝાઝું કામરે. માનો મોહનજી.
મુને થઇછે ઝાઝી વારરે. માનો૦
હવે રોકોમાં નંદ કુમારરે. માનો૦
મારી સાસુછે ઘણી રીસાળરે. માનો૦
મુને દેશે વઢીને ગાળરે. માનો૦
પરનારીની આળ ન સારીરે. માનો૦
તમને કહુંછું હું જોડીને હાથરે. માનો૦
માનો પ્રેમાનંદના નાથરે. માનો૦

પદ ૩ જું.

નથી બોલતી નાનકડો જાણીરે. જગજીવનજી.
રઇછું નંદનો મલાજો આણીરે. જગજીવનજી.
નથી લેતી તમારૂં નામરે. જગ૦
શું છે અદકું બોલ્યાનું કામરે. જગ૦
સીદ બાજો છો આવીને બાંયેરે. જગ૦
એમાંથી જોજ્યો જે થાયેરે. જગ૦
પડશે કંસ રાજાને ખબરરે. જગ૦
થાશે હરરાજ નંદનું ઘરરે. જગ૦
પરનારીની કરશો માં આળરે. જગ૦
પ્રેમાનંદના વાલા ખાશો ગાળરે જગ૦

પદ ૪ સું.

યાં રાજ કંસનું કાનારે, નટ નાગરજી.
જાઓ ઘેર કુંવર છાનામાનારે, નટ નાગરજી.
એવી વાતને કેડે ન ચડિયેરે. નટ૦
જાએ લાજ પછે ભોંઠા પડિયેરે. નટ૦
તમે નિર્લજને નહીં લાજરે. નટ૦
કરશો નંદરાયનું અકાજરે. નટ૦
ઝાઝાં શીદને કરાવો વખાણરે. નટ૦
નાશી આવ્યાછો લઈને પ્રાણરે. નટ૦
માંડ્યો યાં આવીને ઉતપાતરે. નટ૦
પ્રેમાનંદના વાલા માનો વાતરે. નટ૦

પદ ૫ સું.

કાને કાંઈક કૌતક કરિયુંરે, નંદ નાનડિએ.
ચીતવણીમાં ચિત હરિયુંરે, નંદ નાનડિએ.
માંઈ મગન થઈ વ્રજનારીરે. નંદ૦
આલી ચપળ ચતુર પાણિયારીરે. નંદ૦
ગઇ ગુજરી મલપતિ ઘેરરે. નંદ૦
થયું દુરજનિયાં સાથે વેરરે. નંદ૦
કયારે મુકશે થયું પુછે સઉનેરે. નંદ૦
લાગી નજર કોઈકની વઉનેરે. નંદ૦
કરે વલોપાત જોઈ ઘરનાંરે. નંદ૦
પ્રેમાનંદ કે જાદુ નટવરનાંરે. નંદ૦

પદ ૬ ઠું.

ઘેરે કામકાજ નવ સુજેરે, વાગી આંખડલી.
ઊંડો અંતર ધાવન રૂજેરે. વાગી આંખડલી.
ઘેરમાં સુઈ રહે રાત દાડોરે. વાગી૦
થયો ઘરમાં તે મોટો પવાડોરે. વાગી૦
નવ ખાયે પીયે બોલે ચાલેરે. વાગી૦
કીધાં કામણ નંદને લાલેરે. વાગી૦
છુટો નેહ સંગાત ન તણોરે. વાગી૦
અંતરમાં તો આનંદ ઘણોરે. વાગી૦
કાંઇક પાન બીડીમાં આલ્યુંરે. વાગી૦
પ્રેમાનંદને પ્યારે ઘર ઘાલ્યુંરે. વાગી૦

પદ ૭ મું.

મુને કંઈક કીધું જાદુગારેરે. સખી શામળિયે.
એણે આંખો તણે અણુહારેરે. સખી શામળિયે.
મુને હસીને બોલાવી હેતેરે. સખી૦
વાત કઈ નથી જાતી કે' તેરે. સખી૦
મુને માર્યું મરમનું વેણરે. સખી૦
મારાં નેણ સાથે જોડી નેણરે. સખી૦
મુને મોહની નાંખી છે છાનીરે. સખી૦
મુને ગમી ગયો છેલ ગુમાનીરે. સખી૦
મન મોયું મુખ મરકલડેરે. સખી૦
પ્રેમાનંદનો વાલો ગમ્યો દલડેરે. સખી૦

પદ ૮ મું.

મુને પરવશ કીધી રાખી ચાડેરે, રંગ ડોલરિયે.
કહે ઘરનાં થયો વળગાડેરે, રંગ ડોલરિયે.
ઘરનાં કુટિ કુટિ સહુ થાકયાંરે. રંગ૦
ભુવા ધુણાવી જોવરાવ્યા આખારે. રંગ૦
મારે પ્રીત બંધાણી એ સાથેરે. રંગ૦
જાદુ કીધાં મને જદુનાથેરે. રંગ૦
મારે નેડો લાગ્યો નવ છુટેરે. રંગ૦
મારે નટવર નેણુની બરછીરે. રંગ૦
પ્રેમાનંદકે કાળજે વાગી તડછીરે. રંગ૦

પદ ૧ લું ગરબી.

વાલા તારી મુરતી મન માનીરે, વશ કીધી છેલ ગુમાની.
મન મોહન મોરલીવાળારે, મરમાળા આંખડલીના ચાળારે.
કામણગારા છેલ છોગાળા. વાલા તારી.
વાલી લાગે છે મુખની વાણીરે, તેણે લીધું છે મન મારૂં તાણીરે;
હુંતો હાથ તમારે વેચાણીરે. વાલા તારી.
હુંતો હારીને દોરી તમારીરે, જાઊં તન મન ધન બલિહારીરે;
મને ગમિયાછો ગિરિધારી. વાલા તારી.
તમે છો મારા પ્રાણુ આધારારે, મારી આંખડલીના તારારે;
છો પ્રેમસખીને પ્યારા. વાલા તારી.

પદ ૨ જું.

વાલા તારી વાતલડી વાલી લાગેરે

મારૂં સાંભળતાં દુખ ભાગે. વાલા.
તારા મુખમાં મોહન બેલીરે, સાંભળતા થઈ હુંતો ઘેલીરે;
તમે વાળીછે રંગડાની રેલી. વાલા.
જોઇ તમને તે જાદવરાયરે, મારૂં હૈડું તે ટાઢું થાયેરે;
મારૂં મન મળવાને ચાયે. વાલા.
તારી વાતું લાગે મને વાલીરે, હુંતો કેમ કરી આવું ચાલીરે;
તારે બોલે બાંધી મુને ઝાલી. વાલા.
અલબેલા મંદિર મારે આવોરે, વાતુ સાંભળવાનો છે ભાવરે;
વાલા પ્રેમસખીના નાવ. વાલા.

પદ ૩ જું.

છેલા તારા છોગલા પરવારીરે,
વાલી લાગે છે મુર્તી તારી. છેલા.
પાતળિયાજી પલટવાળીરે, આવી ઉભાછો વનમાળીરે;
ઓરા આવોને દીજે તાળી. છેલા.
તારા ઉરપર મોતીની માળારે, રૂડા લાગોછો નાથ રૂપાળા રે;
ચીત ચોરે છે નેણાના ચાળા. છેલા.
મન માન્યાછે અલબેલારે, વાલા લાગોછો રંગના રેલારે.
આવો મળિયે સુંદરવર છેલા. છેલા.
હુંતો મોઇ પાઘડલીને છેડેરે, મારૂં મનડું ફરે તમ કેડેરે;
પ્રેમસખી તે મળવાને તેડે. છેલા.

પદ

નેણામાં આવો નાથજી રાખુંરે.
મારા પ્રાણ વારી વારી નાખું. નેણામાં.

હવે નિમખ ન મેલું ન્યારારે, છો જીવન પ્રાણ હમારારે;
મારો જન્મ સુધારો પ્યારારે. નેણામાં.
મારે તમથી વાલું નહીં કોઈરે, રાખું જીવડલામાં પ્રોઈરે;
તમ વિના મરૂં હુંતો રોઈ. નેણામાં.
મારો સુફળ જનમ તમે દીધોરે, રૂડી રીતે મેં લાવો લીધોરે;
જગ ઉપર ડંકો તે દીધો, નેણામાં.
મેંતો સૌ નિહાળી પ્રીતીરે, વાલા જાણી તમારી રીતીરે;
હવે પ્રેમસખી જગ જિતિ. નેણામાં.

રાગ ગરબી.

ઓરા આવોને ધર્મ કુમારરે, રાખું મારા નેણામાં.
તમે છો મારા પ્રાણ આધારરે, રાખું મારા નેણામાં.
જોવું રસિક સુંદરવર રૂપરે. રાખું૦
શોભાવત પરમ અનૂપરે. રાખું૦
તમે પ્રગટયા અમારે.કાજરે, રાખું૦
દીનબંધુ છો ગરીબ નિવાજરે, રાખું૦
હરિકૃષ્ન હરિ ધનસ્યામરે, રાખું૦
નિલકંઠ નારાયણ નામરે, રાખું૦
પુરૂષોતમ પુરણ કામરે, રાખું૦
પ્રેમાનંદના છો સુખ ધામરે, રાખું૦

પદ ૨ જું.

તમે રશિયા રાજીવ નેણરે, જોઈ હુંતો લોભાણી.
મુખે બોલો મનોહર વેણરે. જોઈ હુંતો લોભાણી.
શોભે સુંદર ભાલ વિશાલરે. જોઈ૦

હરિ ચાલો છો હંસગતિ ચાલરે. જોઈ૰
શોભે પાગડલી છબીદારરે. જોઈ૰
જાઊં વારણે વારમવારરે. જોઈ૰
જોઇ વદનકમળ છબી પૂરરે. જોઈ૰
વારૂં વારણે કોટિ શશિ સૂરરે. જોઈ૰
ભારી ભ્રકુટી તણો મરોડરે. જોઈ૰
પ્રેમાનંદના પુરો કોડરે. જોઈ૰

પદ ૩ જું

મારી લાગીછે તમ સંગ પ્રીતરે. સુંદર શામળીયા.
છો મન મોહન મારા મિતરે. સુંદર શામળીયા.
કરિ રાખું હૈયાનો હારરે. સુંદર.
રંગછેલડા ધર્મ કુમારરે. સુંદર.
મારૂં મન માન્યું તમ સાથરે. સુંદર,
મને મળો હરી ભરી બાથરે. સુંદર.
તમે છો મારા જીવન પ્રાણરે. સુંદર.
હુંતો નાથ તમારી વેચાણરે. સુંદર.
મને રાખો હરિ તમ પાસરે. સુંદર.
પુરો પ્રેમાનંદની આશરે. સુંદર.

પદ ૪ સું.

મને વાલા લાગોછો મહારાજરે, જોઈ જોઈ જીવુંછું,
તમે સાર્યાં મારા સરવે કાજરે, જોઈ જોઇ જીવુંછું.
તારી મૂર્તિ મનોહર માવરે. જોઈ૰
મારે ભેટયાનો ઘણો ભાવરે. જોઈ૰

તારૂં બોલવું ને હસવું છેલરે. જોઈ૦
કરો નટવર નૌતમ ખેલરે. જોઈ૦
તારા કરનાં લટકાં કાનરે. જોઈ૦
ભુધરજી ભીને વાનરે. જોઈ૦
તમે જીવન જોબન ભરપૂરરે. જોઈ૦
રહો પ્રેમાનંદને ઉરરે. જોઈ૦

પદ ૫ મું.

તો રાચી તમારે રૂપરે, બીજું મારે નહિં જોઇએ.
ા ઉરમાં પરમ અનૂપરે, બીજું મારે નહિં જોઇએ.
મારે સુખ સંપત ઘનશામરે. બીજું૦
તમ વિના બીજું સરવે હરામરે. બીજું૦
મન માન્યા છો અલબેલરે. બીજું૦
તમે ધર્મ કુંવર રંગ છેલરે. બીજું૦
નિત રાખો હરિ મુજ પર હેતરે. બીજું૦
તમે અવિચળ સુખના નિકેતરે. બીજું૦
ગુણ ગાવું બેસીને હજુરરે. બીજું૦
પ્રેમાનંદને આપો જરૂરરે. બીજું૦

પદ ૬ ઠું.

તમારી મૂર્તિ વિના મારા નાથરે, બીજું મને આપશોમાં.
હુંતો એજ માગુછું જોડિ હાથરે, બીજું મને આપશોમાં.
આપો તમારા જનનો સંગરે. બીજું૦
મારા જીવમાંયે એજ ઉમંગરે. બીજું૦
મારા ઉરમાં કરો નિવાસરે. બીજું૦

મને રાખો રસિયા તમ પાસરે. બીજું૦
એજ અરજી દયા આણી દેવરે. બીજું૦
કરૂં ચરણ કમળની શેવરે. બીજું૦
કરો ઇતર વાસના દુરરે. બીજું૦
રાખો પ્રેમાનંદને હજુરરે. બીજું૦

પદ ૧ લું.—ગરબી.

સહજાનંદજી સનેહી સુખ ધામછેજો;
સત ચિદ આનંદ જેનું નામછેજો. સહજાનંદજી.
દિવ્ય ચૈતન્ય અક્ષર જેનું ધરછેજો,
ક્ષર અક્ષર થકી એતો પરછેજો. સહજાનંદજી.
દિવ્ય દ્વિભૂજ સદા સાકારછેજો;
સર્વ કર્તા પ્રેરકને આધારછે જો. સહજાનંદજી
મેઘ શામ સુંદર નટ વેશછેજો;
કોટિ કંદ્રપ લાવણ્યતા ઉદેશછેજો. સહજાનંદજી.
નવ રસમય મૂર્તિ અનૂપ છેજો;
રૂપ શિળને સ્વભાવ સ્વરૂપછેજો. સહજાનંદજી.
એવા પ્રગટ થયા જન કારણેજો,
પ્રેમાનંદ જાય વાર વાર વારણેજો. સહજાનંદજી

પદ ૨ જું.

કરૂણાના સાગર કુંવર ધર્મનાજો,
કરિ કરૂણા કાપ્યા બંધ કર્મનાજો. કરૂણા.
વાલો કરૂણા કરિને હરિ અવતર્યાજો,

કરિ કરૂણા વાલેજી ભવ દુખ હર્યાંજો. કરૂણા.
અતિ કરૂણામય છે એનિ મૂરતિજો.
પ્રેમી જન ન મેલે ઘડિ ઉરથીજો, કરૂણા.
અતિ કરૂણામય છે એનિ વાતડિજો,
સાંભળીને ઠરેછે મારી છાતડિજો. કરૂણા.
અતિ કરૂણામય છે એની આંખડિજો,
જાણે શરદ કમળ કેરી પાંખડિજો. કરૂણા.
અતિ કરૂણા મય વાલાની ચાલછેજો,
પ્રેમાનંદ નિત નિરખી નિહાલછેજો. કરૂણા.

પદ ૩ જું.

સહજાનંદજી સનેહી જીવન પ્રાણછેજો,
ભક્ત પ્રાણપતિ પરમ સુજાણછેજો. સહજા.
ભક્તનાથ ભક્ત જિવન ભગવાનછેજો,
ભક્ત વત્સલ હરિ કરૂણા નિધાનછેજો. સહજા.
ભક્ત નેણ રવિ ભક્ત ઉર ભૂષણજો,
ભક્ત લોચન હરે ભવ દૂષણજો. સહજા.
ભક્ત કલ્પતરૂ કામધેન છે હરિજો;
ભક્ત અર્થે આવિને આજ દેહ ધરિજો સહજા.
ભક્ત તેજ તપ દૈવત નિવાસછેજો,
ભક્ત આનંદ સુખ સદા અવિનાશછેજો. સહજા.
ભક્ત વલ્લભને ભક્ત પુરણ કામછેજો,
પ્રેમાનંદકે એવા સહજાનંદ શામછેજો. સહજા.

પદ ૪ સું.

ઘનશામ નામને હું જાઊં વારણેજો,

પુરૂષોતમ પ્રગટ્યા અમ કારણેજે. ઘનશ્યામ.
આવ્યા દીન તણા દુઃખ કાપવાજે,
નિજ જનને વાંછિત સુખ આપવાજે. ઘનશ્યામ.
આવ્યા અધર્મના મૂળ ઉખાડવાજે,
કળિ મળરૂપ મતને પાછા પાડવાજે. ઘનશ્યામ.
ધરિ મૂર્તિ મુનિ મન મોહનીજે,
જાદુગારિ વાલાજીનિ જોહનીજે. ઘનશ્યામ
વશિકરણ ભર્યાં એનાં નેણુછેજે,
સ્નેહ કરૂણા ભર્યાં એનાં નેણજે. ઘનશ્યામ.
અધમ ઓધારણ ભક્ત વત્સળ છેકજે.
પ્રેમાનંદના સ્વામી એવા એકછેજે. ઘનશ્યામ

પ્રથમ ભાગ સમાપ્ત.

જાહેર ખબર.

"સત્સંગ પ્રકાશ."

આ નામનું માસિક ચોપાન્યું અમારા તરફથી ચાલતી સાલના શ્રાવણ માસની પ્રારંભ તિથિથી દર માસે છપાઈ બહાર પડે છે. તેની વરસ ૧ ની કીમત રૂ ૧—૩—૦ લેવામાં આવે છે. આ ચોપાન્યા વિષે સુરતમાં પ્રગટ થતા "ગુજરાતમિત્ર" નામના અઠવાડિક પેપરના તા. ૮ ઑગષ્ટના અંકમાં મે. મંછારામભાઈએ બહુ ઉત્તમ અભિપ્રાય આપેલો છે. "સત્સંગ પ્રકાશ" ના જે ગ્રાહકોનાં ચાલતી સાલનાં લવાજમનાં નાણાં આવી ગયાં છે, તેને આ રસિક પુસ્તક ભેટ આપવામાં આવે છે, અને તે આવતા કાર્તિક શુદી ૧૫ સુધી મફત મોકલવામાં આવશે. ગ્રાહક થનાર મુક્ત હરિભક્તે નિચેને શિરનામે લખી જણાવવું.

પુરૂષોત્તમ કકલભાઈ.

"સત્સંગપ્રકાશ" ઑફીસ.

બોટાદ—(કાઠિયાવાડ.)